# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સેનાની ધાકના સાણસામાં ભિડાય છે શરીફ!
લોકશાહીના રક્ષણ માટે પિડાય છે શરીફ!
ચિડાય છે શરીફ ચાહનાના વળતાં પાણીથી -
કે કઠપૂતળાં નવાઝીથી વિલાય છે શરીફ!

## હાઈકુ

ભાજપ જાણે -
સત્તાની ગંજીનો શ્વાન -
ન ખાય, ને દે
(વિરોધ પક્ષ નેતા પદ)

છે આવશ્યક -
સ્વચ્છતા અભિયાન -
સર્વ પક્ષીય,..
(આંતરિક ડખા)

## ચિંતન

પૃથિવ્યાં ત્રીણિ રત્નાનિ જલ મન્નં સુભાષિતં । મુઢૈઃ પાષાણ ખંડેષુ રત્ન સંજ્ઞા વિધીયતે ॥

'આ ધરતીપર સુંદર ત્રણ રત્નો છે જે (કિમતી-અમૂલ્ય છે) ૧. અન્ન ૨. સુંદર વિચારો અને જળ - છતાં, પરંતુ મૂર્ખ લોકો ખાણમાંથી મળતાં પથ્થરના ટૂકડાને જ 'રત્ન' સમજે છે.'

આ ધરતી પરના ઉત્તમ ત્રણ રત્નની વાતથી એ રત્નોનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે.

૧. આજે પાણીના પૌચ પાંચ રૂપિયામાં વેંચાય છે અને સારું-ચોખ્ખું પાણી તો કદાચ ક્યાંક ઉપલબ્ધ નથી. દુનિયાના કેટલાક પ્રદેશો પાણી વિના તલસે છે. પાણી પૃથ્વીનું અમૃત છે એનો બગાડ અટકાવવો જોઇએ.

૨. અન્ન - આજે કેટલાક દેશોમાં ગરીબી - કુપોષણ અને અન્ન વિના ભૂખ્યાં લોકો મૃત્યુની રાહમાં વિવશ છે. આપણે ત્યાં અને કેટલાંય દેશોમાં ઘરના રસોડે કે જમણવારમાં 'બૂફે'થી ખૂબ જ અન્નનો બગાડ થાય છે. દાણા-દાણાનો સાચવીને ઉપયોગ કરવો જોઇએ. સરકારી ગોડાઉન અને પ્લેટફોર્મ તો બગાડના નિશ્ચિત-પ્રખ્યાત સ્થળ સ્થાપિત થઇ ચૂક્યા છે.

૩. સુવિચાર એ જીવનમાં વીજળી સંચાર કરતો ચમત્કારીક ચૂંબક છે. સુવિચાર મન-હૃદયને સન્માર્ગે લઇ જાય છે. પથ્થરના રત્નો નહીં. આ ત્રણ જ સાચાં રત્ન છે.

## સુવિચાર

- પ્રેરણાનો સૌથી મોટો દુશ્મન છે આત્મસંતોષ, આત્મસંતોષથી આળશ આવે છે.. **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- તમે મિત્રો બદલી શકો છો... પડોશી નહીં **- અટલ બિહારી બાજપાઇ**
- સારા સમયની એકે નિશાની રહીં નહીં... આવ્યો સમય સમય બુરો તો 'અહંકાર' પણ ગયો **- ભીખુભાઇ ચાવડા**
- સંબંધમાં જ્યાં બંને સાથીઓની પ્રતિબદ્ધતા (કમીટમેન્ટ) અકબંધ રહે છે ત્યાં સુધી એકબીજા સાથે અનુકૂલન આપમેળે સધાતું રહે છે **- હંસલ ભચેચ**
- બધા ફુલોનું ઝાકળ પાછું આપે.. નહીંતર સૂરજ રાજીનામું આપે.. **- હરેન્દ્ર દવે**
- માણસને 'પોતાનું' કહેવાય એવું આ જગતમાં દુઃખ સિવાય બીજું છે પણ શું?? **- એસ. ભટ્ટાચાર્ય**
- બાળકોને શિક્ષણ આપવાની શરૂઆત ક્યારે કરવી જોઇએ?? સંતનો જવાબ - બાળકને કેળવણી આપવાની શરૂઆત ૬૦ વર્ષ પહેલાં એના દાદા-દાદીને કેળવણી આપવાથી કરવી જોઇએ **- મનુભાઇ પંચોળી**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આજે પ્રધાનમંત્રીઓ-અધિકારીઓ-ધનિકો તો જાણે પોતે 'વંદનીય' અને 'સન્માનીય' જ છે એવું સ્વભાવે-વર્તને જાતે જ સ્વીકારી લે છે બધા અમને જ વંદન કરે, પૂજે અમારે કોઇને 'નમવાનું'ન હોય!!

ફ્રાંસના રાજા હેન્રી એકવાર બજારમાં પગે લટાર મારવા નિકળ્યા ત્યારે આતંક અને સુરક્ષાનો ભય રાજાને સતાવતો નહીં કારણ કે તેઓ સરળ સ્વભાવના ચારિત્ર્યવાન હતા.

રસ્તામાં બેઠેલા એક ભિક્ષુકે તેને ઓળખી, ઉભા થઇ, હેટ ઉતારી સન્માનપૂર્વક વંદન કર્યા. સામે રાજા હેન્રી પણ ઊભા રહ્યા એણે પણ હેટ ઉતારી અર્ધા નમીને ભિક્ષુકને વંદન કરી એનું સન્માન કરી, આભાર માન્યો..

થોડું આગળ જતાં રાજાના પીએ-અંગરક્ષકે સમ્રાટને કહ્યું, ભિક્ષુક આપને સન્માન આપે એ તો યોગ્ય જ છે પણ સામે તમારે હેટ ઉતારી વંદન કરવાનું યોગ્ય ન કહેવાય.

હેન્રી કહે, જો હું પણ સામે એ રીતે વંદન ન કરું તો મારામાં ભિક્ષુક જેટલી પણ નમ્રતા-સમજ નથી એમ કહેવાય. જો હું એવું ન કરત તો મારો અંતરઆત્મા મને ઠપકો દેત!

સત્તાધીશોમાં 'નમ્રતા' આવી હોય..

Email - sureshchandrabhatt18@gmail.com

# મોટો બદલાવ માણસની અંદરથી આવવો જોઇએ, આપણે બદલાઇશું તો ભારત બદલાશે

## જરૂર છે આંતરિક પરિવર્તનની વિચારયાત્રા

- ડો. જય ઓઝા

હાવર્ડ યુનિવર્સિટીના લેન્ટ પ્રિચેટ, જેમણે 'ઇન્ડિયા ઇઝ એ ફ્લેઇલિંગ સ્ટેટ' (સત્તા હોવા છતાં જેનો અસરકારક ઉપયોગ થતો ન હોય એવું હાલકડોલક રાષ્ટ્ર) પર થિસિસ લખ્યો છે. પ્રિચેટ માને છે કે કેન્દ્ર સરકારનું ધડ અને માથું અયોગ્ય રીતે ગોઠવાયેલા છે, તેથી કો-ઓર્ડિનેશનને બદલે અવ્યવસ્થા સર્જાય છે. કેન્દ્ર સરકાર તથા ત્યાંના વરિષ્ઠ અમલદારોના અહેવાલ વાંચીએ તો આપણને ભારતમાં તમામ ક્ષેત્રે પ્રગતિ થઇ રહી છે એ વિશેની જ માહિતી મળે. પરંતુ વાસ્તવિકતા કંઇક જુદી જ હોય. નીતિઓ ઘડવી અને અમલ કરાવવો એનો અર્થ એ નથી કે કામ ખરેખર થઇ ગયું છે. તેમની થિસિસમાં પ્રિચેટે કેટલાક શિક્ષણશાસ્ત્રીઓની સામગ્રીનો ઉપયોગ કર્યો છે, જેઓ 'પુઅર ઇકોનોમિકસ' પુસ્તકના લેખકો એસ્થર ડ્યુફ્લો અને અભિજિત બેનરજીનો પણ સમાવેશ થયો છે. પ્રિચેટે ત્રણ ઉદાહરણ આપ્યા હતા. દિલ્હીમાં ડ્રાઇવરોને નગદ નાણાંની સામે અપાયેલું લાઇસન્સ, ભારતભરના મોટાભાગના સરકારી ડોકટરો દ્વારા દર્દીના રોગનું અયોગ્ય નિદાન તથા રાજસ્થાનની નર્સોને મળતો ઘેર બેઠાં પગાર. લાઇસન્સ આપવાની રીત એટલી બધી સુવ્યવસ્થિત અને સ્માર્ટ હતી કે આરટીઓના સ્ટાફને કશું સીધી રીતે પહોંચાડાયું નહોતું. બીજા ઉદાહરણમાં ડ્યુફ્લો અને બેનરજીએ અભિનેતાઓને સરકારી ડોકટરો પાસે પાંચ મોટા રોગનાં દેખીતા લક્ષણો સાથે મોકલ્યા હતા. ડોકટરો એમના રોગનું નિદાન કરી શક્યા નહોતા, એટલું જ નહીં ૯૭ ટકા કેસમાં તો એમણે દર્દીની યોગ્ય ચકાસણી કરવાની તસદી પણ લીધી નહોતી. એક દર્દી પાછળ સરેરાશ ૬૦ સેકંડ પણ તેમણે ફાળવી નહોતી. પ્રિચેટે આ બાબતમાં યોગ્ય જ કહ્યું હતું કે માત્ર ત્રણ ટકા કેસમાં જ સરકારી ડોકટર દ્વારા યોગ્ય નિદાન થતું હોય છે, એ સંજોગોમાં તમે ડોકટર પાસે જવાને બદલે ઘરમાં જ બેસી રહો ઓ જ હિતાવહ છે. ત્રીજા ઉદાહરણમાં તેમને રાજસ્થાની નર્સોનો દાખલો આપતાં જણાવ્યું હતું કે તેઓ કામ પણ આવતી જ નહોતી. મોટા ભાગની નર્સો કાં તો ઘરે બેસીને સેલરી મેળવતી હતી અથવા તો તેઓ અન્ય કામ કરતી હતી. જ્યારે આ નર્સોને પૂછવામાં આવ્યું ત્યારે પોતાની ગેરહાજરી વિશે તેમની પાસે 'અધિકૃત' બહાનું તૈયાર રહેતું.

ભારતની આ બધી 'નીતિ-રીતિ'થી જેઓ પરિચિત છે. એમને આ બધી વાતોનું કોઇ આશ્ચર્ય નથી. રાષ્ટ્ર પડી ભાંગ્યું છે. સાચે જ, રૂગ્ણ દશામાં છે. સૌથી 'ઉદાર' ભાષામાં કહેવું હોય તો દેશની સ્થિતિ ન ઘરની કે ન ઘાટની જેવી છે. સરકાર નિષ્પ્રભાવી છે અને સંસદ પણ અશક્ત છે. પરંતુ, શું આ જ આપણી સમસ્યાનું મૂળ છે? ત્રણ ટકાથી ઓછા લોકો આ દેશમાં આવકવેરો ભરે છે. સરકારને આપણે ભાંડી શકીએ એની અક્ષમતા બદલ, પણ આપણે આપણી તરફ જ નજર કરીએ તો?

પ્રિચેટે દરેક ક્ષેત્રે પ્રવર્તતી દુર્દશા વિશે થિયોરેટિકલ ફ્રેમવર્ક પ્રસ્તુત કર્યું હતું. તેમણે વિચાર રજૂ કર્યો હતો કે સંસ્થાઓમાં સુધાર લાવીને તથા તેમને વધુ કાર્યક્ષમ બનાવીને આરટીઓ, આરોગ્ય સેવા તથા અન્ય ક્ષેત્રે પ્રવર્તતી નિષ્ફળતાઓને રાષ્ટ્ર દૂર કરી શકે છે. હું જે સમજ્યો છું એ સાચું હોય તો પ્રિચેટે એમ કહ્યું કે સરકારે આ બધી સંસ્થાઓમાં માલિકીભાવ તથા ગૌરવની લાગણી ઊભી થાય એ માટે પ્રયત્નો કરવા જોઇએ, તો જે એમની કાર્યક્ષમતામાં સુધારો થશે.

જ્યાં ડોકટરને દર્દીની પડી નથી, જ્યાં નર્સો ઘરે બેસવાનના પૈસા લે છે અથવા તો જ્યાં ખુલ્લેઆમ લાંચ રૂશ્વત અપાતી હોય છે એ સમાજ પોતે જ સમસ્યાનું મૂળ છે, નહીં કે સરકારી દેખરેખ કે પ્રોત્સાહનનો અભાવ.

વિશાળ અને બોલકો મધ્યમવર્ગ તો એમ જ કહેશે કે સરકાર જ ભારતના પતન માટે જવાબદાર છે અને એમાં જ સુધારણા થવી જોઇએ. અણ્ણા હજારેનાં ધરણાં અને દિલ્હી રેપ કેસમાં આ જ મત રજૂ થયા હતા. પરંતુ, ભારતીય શિક્ષકો ભણાવવા પ્રત્યે બેદરકાર છે કે પછી સ્કૂલનાં બાળકો માટે રાંધવામાં આવતા અન્નનાં વાસણો સરખાં સાફ કરવાની જેમને ચિંતા નથી, બાળકોનાં મૃત્યુનાં પ્રતિભાવમાં તેઓ એમ કહેતાં અચકાતાં નથી કે ભોજન પર દેખરેખ રાખવાની જવાબદારી શિક્ષકોની નથી ત્યારે સરકાર જ આંશિક રીતે જવાબદાર છે.

ભારતના કોઇ પણ શહેરનાં માર્ગ પણ આપણી 'સિવિલ સેન્સ'નાં દર્શન થતાં નથી. ટ્રાફિકમાં આપણે કેવી રીતે વર્તવું તેની કોઇને ગતાગમ નથી. હું કંઇ અતિશયોક્તિ કરતો નથી. હું જે કહેવા માંગુ છું એ તમે બરાબર સમજો છો. અરવિંદ કેજરીવાલ જેવાઓ કહે છે એમ કહેવું સહેલું છે કે ગેરવર્તણૂક કરનારને દંડ કરો જેથી તેઓ વિદેશમાં કે દિલ્હી મેટ્રોમાં સીધા રહે છે એમ રહેશે. શું અન્ય દેશોમાં તેઓ સજાના ડરને લીધે સજાગ કે કાર્યરત છે? પાશ્ચાત્ય દેશોનું નિરીક્ષણ કરતાં આ તારણ સાચું નથી લાગતું.

ભારતની ૧.૨ અબજની વસ્તિમાંથી પાંચ કરોડ લોકો પાસે પાસપોર્ટ છે. એનો અર્થ એ થયો કે ૯૫ ટકા ભારતીયોએ બહારની દુનિયા જોઇ નથી. જેટલા વધારે લોકો વિદેશ પ્રવાસ કરશે ત્યારે તેમને ખબર પડશે કે વિકસિત દેશો કઇ રીતે કામ કરે છે અને ભારતીયને પોતાના જ વતનમાં કેવી તકલીફો ભોગવવી પડે છે! માધ્યમોનું વિસ્તરણ અને મધ્યમ વર્ગના ફેલાવાને લીધે વિવિધ સમસ્યાઓ બાબતે દેશ સામે ધરણાં અને આક્રોશ વધવાનાં જ છે.

જોકે, ગુજરાતના નરેન્દ્ર મોદીની દેશ-વિદેશમાં રાતોરાત અને નાટકીય રીતે વધી ગયેલી લોકપ્રિયતા અને તેમને દેશને બદલી નાખવાનું આપેલું વચન એક આશ્વાચસન છે. એ વચન પરિપૂર્ણ કરી શકવા સક્ષમ છે કે નહીં એ વાત બાજુએ રાખીએ તો પણ આ વચન પોતે જ નાગરિકોને દોષમુક્ત કરી દે છે. દેશમાં જે કંઇ ખોટું થઇ રહ્યું ચે એની સાથે એમને કંઇ લેવાદેવા નથી. ભારતને અનોખા, અન્યો કરતાં જુદા બહેતર થવું હોય તો સરકાર અને તેના પદાધિકારીઓએ સુધરવાની જરૂર છે.

મોટો બદલાવ માણસની અંદરથી આવવો જોઇએ. આપણે બદલાઇશું તો ભારત બદલાશે. આપણા કામ પ્રત્યે સભાન રહેવાનું તથા નીતિમત્તા-ભલે એ ઓલ્ડ ફેશન્ડ શબ્દ લાગે છતાં એ પરત્વે આપણે નક્કર પ્રદાન આપીશું તો જ ભારત બદલાશે. એના માટે કોઇ રાજકારણીની જરૂર નથી. કોઇ પણ નવી સરકાર એ કરી શકે એમ નથી. માત્ર બાહ્ય બાબતોમાં પરિવર્તન લાવવાનું વિચારીશું તો એ આપણને મૂળ સમસ્યાથી દૂર જ લઇ જશે. કેન્દ્ર સ્તરે આને માટે કોઇ ક્રાંતિની જરૂર નથી. પરિવર્તનનો આરંભ આપણે કરી જ દીધો છે. મહત્ત્વની બાબત એ છે કે બિનસાંપ્રદાયિક અને પ્લુરલિસ્ટ (અનેકવાદી) રાષ્ટ્રનો સભ્યતા અને સ્વદેશીનો વિચાર તથા વિશ્વકક્ષાનું બંધારણ યથાસ્થાને છે. સવારનાં અખબારોના ભયંકર અહેવાલો દ્વારા નિષ્પન્ન તથી હતાશા આપણને ખાતરી આપે છે કે મહત્ત્વના મુદ્દાઓ તરફ સાચી દિશામાં નિર્દેશ થઇ રહ્યો છે. રાજસ્થાનની નર્સોને મફત પગાર, પરવાનાઓમાં લાંચ-રૂશ્વત કે સરકારી ડોકટરોની બેદરકારી એ નાનાનો પ્રશ્ન છે અને આપણા નિયંત્રણમાં છે. આપણે ધારીએ એના કરતાં વદુ આસાનીથી એ ઊકેલી શકે એમ છે. જરૂર છે મોટી સમસ્યાઓને સાચી રીતે સમજવાની અને ઉકેલવાની.

# એક પ્રતિભાશાળી વ્યક્તિત્વ, મનોવિજ્ઞાનના તજજ્ઞ, કવયિત્રીશ્રી અયનાબહેન અભયભાઇ ત્રિવેદી

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

પિતા અભણભાઇ વ્યવસાયે પ્રોફેસર. કુટુંબમાં વાતાવરણમાં પ્રથમથી જ વિદ્યાકીય વાતાવરણ જોવા મળે. તેમનાં સંતાનોમાં બે દીકરા અને એક દીકરી તે અયનાબેન. ત્રણે સંતાનો પોતપોતાના ક્ષેત્રમાં સફળ રહ્યાં છે. અયનાબહેનના એક ભાઇ આર્મીમાં અને બીજા નેવીમાં ફરજ બજાવી ચૂક્યા છે. તો અયનાબહેને મનોવિજ્ઞાનમાં પ્રગતિ કરીને પીએચ.ડી. સુધીની ડિગ્રી હાંસલ કરેલ છે. તેમનો જન્મ ૨૬/૦૮/૧૯૭૫ ના રોજ ભાવનગર મુકામે થયો છે. પિતાશ્રી પ્રોફેસર હોવાથી તેમને અભ્યાસ કરવા માટે પરિવાર તરફથી પૂર્વ વાતાવરણ મળ્યું પરિણામે આ મહિલા આજે પ્રગતિના અનેક શિખરો સરસકરી શક્યા છે. કહેવાય છે કે અનુકૂળ સંજોગો મળે તો જ માણસનો વિકાસ શક્ય બને છે. અયનાબહેનને મળેલા અનુકૂળ સંજોગોનો તેમને સદ્‌ઉપયોગ કર્યો છે તેથી આજે ભાવનગર મુકામે તેઓ અનેક પ્રવૃત્તિથી પોતાનું જીવન ધબકતું રાખે છે. તેમનો પરિવાર હાલમાં ૧૩, નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઇવ ભાવનગર મુકામે સ્થાયી થયેલ છે.

તેમના અભ્યાસ અંગેની વિગત જોઇએ તો તેઓશ્રી બી.એ. મનોવિજ્ઞાનના વિષય સાથે થયા છે અને ધન્યવાદ એ આપવા જોઇએ કે બી.એ.માં તેઓ યુનિવર્સિટી ફર્સ્ટ રહ્યા છે. મનોવિજ્ઞાન વિષય સાથે સમગ્ર વિદ્યાપીઠમાં પ્રથમ સ્થાન મેળવેલું એ ઘણી જ ગૌરવ લેવા જેવી બાબત કહી શકાય. તેમને આ સફળતા બદલ યુનિવર્સિટી તરફથી ગોલ્ડમેડલ મળ્યો છે. મનોવિજ્ઞાનનો વિષય લઇને ત્યાર બાદ તેઓ અનુસ્નાતક (એમ.એ) થયા. એ જ વિષયમાં પીએચ.ડી.ની ડિગ્રી હાંસલ કરી. મનોવિજ્ઞાન ક્ષેત્રે તજજ્ઞ બન્યા છે અને આ વિષયમાં તેમની જાણકારી ઘણી જ ઓથેન્ટિક કહી શકાય. મનોવિજ્ઞાન એ બી.એડ. કોલેજનો વિષયનથી તેથી અયનાબહેને બી.એડ.ની ડિગ્રી અંગ્રેજી અને ઇતિહાસના વિષય સાથે મેળવી છે અને શિક્ષણક્ષેત્રનો વ્યવસાય સ્વીકાર્યો છે. પિતાના રાહે તેઓશ્રી પણ શિક્ષણક્ષેત્રે સંકળાયેલા છે.

અભ્યાસની સાથે સાથે અન્ય તાલીમ લઇને તેઓશ્રી સતત પ્રવૃત્તિશીલ રહ્યા છે. આર.ડી.સી. ન્યુ દિલ્હી - એન.સી.સી. 'સી' સર્ટીફિકેટ તેમણે હાંસલ કર્યું છે. તેઓશ્રી નૃત્યકળાના પણ શોખીન છે અને આ કળાને આગળ ધપાવવા કથ્થક નૃત્યનો વ્યવસ્થિત અભ્યાસ કરીને નૃત્ય વિશારદ થયા છે. ઉપરાંત રાજકોટ આકાશવાણી તરફથી તેમના અલગ અલગ વિષયોમાં ૨૦૦૯થી વાર્તાલાપ પ્રસારિત થાય છે. અને પોતાના જ્ઞાનનો લાભ એ રીતે આકાશવાણીના શ્રોતાજનોને પણ મળે છે. આમ કેવળ અભ્યાસ જ નહીં પરંતુ અન્ય પ્રવૃત્તિઓમાં પણ અયનાબહેને સારી એવી સફળાત પ્રાપ્ત કરી છે અને કર્મયોગ તેમના જીવનમાં સફળ રહ્યો છે.

સફળતાની પરવા કર્યા વગર જે મનુષ્ય કર્મયોગી બની સતત પ્રવૃત્તિશીલ રહે છે તેને સફળતા મળતી જ હોય છે. ઉપરાંત કર્મકર્યાનો સંતોષ તથા આનંદ પણ પ્રાપ્ત થાય છે. અલબત્ત ફળની આશાએ કર્મ કરતાં મનુષ્યને અંતે તો નિરાશા જ સાંપડે છે. કારણ કે ફળમાં એક લાલચ છૂપી હોય છે. કેવળ નિસ્પૃહભાવે તેથી દરેક પ્રવૃત્તિમાં પારંગત થાય છે અને બીજાને પણ તે પ્રકારના મનુષ્ય પ્રવૃત્તિ શીખવાડી શકે છે. નૃત્ય ઘણી મહિલાઓ શીખે છે. પણ તેમાંથી વિશારદ ભાગ્યે જ કોઇ થાય છે. કારણ કે વિશારદ થવા માટે ઘણો સમય જોઇએ અને સાધના તો ખરી જ. આવું ભાગ્યે જ બને છે તેથી મોટા ભાગની મહિલાઓ એક બે વર્ષ પછી ગમે તે કારોબાર નૃત્યની તાલીમ બંધ કરી દે છે. અયનાબહેન નૃત્યકળામાં સતત સક્રિયા રહ્યા છે અને આજે પણ નૃત્યકળાની સાધના ચાલુ છે ધન્યવાદ.

અયનાબહેનની વ્યવસાયિક કારકિર્દી જોઇએ તો તેઓ ૨૦૦૫ની સાલે નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયમાં મદદનીશ શિક્ષિકા તરીકે જોડાયા. શિક્ષકનો વ્યવસાક કરતાં કરતાં નૃત્ય ક્ષેત્રે સતત સક્રિય રહે છે. ૨૦૦૨થી પિતૃગૃહે રહેલા અયનાબહેન પગભર થવાના અને અસ્તિત્વને ટકાવી રાખવાના દરેક પ્રયત્નો કર્યા. પીએચ.ડી. અને બી.એડ.નો અભ્યાસ પૂર્ણ કર્યો. ઇત્તર પ્રવૃત્તિઓ તરફ મન વાળ્યું. સર્જનાત્મકતાને વિચારોમાં સ્થાન આપ્યું.

ઇત્તર પ્રવૃત્તિઓમાં તેઓ સિરામીક કલાત્મક પોટ બનાવે છે. ફોટો ફ્રેમ ચિત્ર, ગૃહ સજાવટ વગેરેમાં રસપૂર્વક સર્જન કરે છે. વાચન, લેખન, સ્ક્રીપ્ટ રાઇટીંગ વગેરે સર્જનાત્મક લેખનના તેઓ શોખીન છે. મનમાં ઊગે તે કાગળ પર ટપકાવી દે છે. લેખનમાં તેઓ ગઝલ, અછાંદસ,સોનેટ, મોનો ઇમેજમાં પણ કલમ અજમાવે છે એ સફળતાથી કાવ્યસર્જન કરે છે. વાર્તા પણ લખે છે. આ રીતે સાહિત્ય, નૃત્ય અને શિક્ષિકાનો સુમેળ તેમના વ્યક્તિત્વમાં જોડા મળે છે. મુખ્ય તો મનોવિજ્ઞાનના તજજ્ઞ આ મહિલા અન્ય ક્ષેત્રે પણ સફળ રહ્યા છે અને સૌ કોઇ યુવાનો માટે તેમનું વ્યક્તિત્વ પ્રેરણારૂપે બન્યું છે. ભાવનગર મુકામે સાહિત્ય પરિવારના તેઓ જાણીતા સર્જક છે અને સાહિત્યના વાતાવરણની મનોવૈજ્ઞાનિક અસર તેમના વ્યક્તિત્વમાં જોવા મળે છે. સાહિત્ય સર્જન માટે જોઇતું વાતાવરણ તેમને ભાવનગર જેવા સંસ્કારી શહેરમાંથી મળી રહે છે અને તેથી તેઓ સાહિત્યસર્જનની પ્રવૃત્તિમાં પણ સક્રિય જોવા મળે છે. નૃત્ય, સાહિત્ય જેવા સંસ્કારોથી સભર અયનાબહેન શિક્ષિકક્ષેત્રે તેમને વરેલી સર્જનાત્મકતાનું વધુ ને વધુ પ્રદાન કરે તેવી શુભેચ્છા. અસ્તુ.

# સાહેબ, અહીં તો પહેલા કંઇ જ નહોતું, આ કોતરો ખુબ બિહામણાં, નાનાં નાનાં ઝાડીઝાંખરા સિવાય કંઇ ન મળે, દિવસ દરમિયાન કોઇ કોઇ માણસોને કંઇ કામકાજ હોય તો નીકળે, ધોળાકુવા અને ઇન્દ્રોડા ગામના વચ્ચે લોકોની થોડી અવરજવર બાકી આ વિસ્તાર ભૈકાર લાગે

કુહૂ... કુહૂ...

કોયલનો ટહુકાર આમ્રઘટાઓમાં સંભળાતો હતો. ગ્રીષ્મનો આકરો પ્રભાવ વર્તાવતો સુરજ માથે આવી રહ્યો હતો. પાર્કની કચેરીની સામેનાં ગુંદાના પાન ખરી ગયાં હતા. ક્યાંક નવી કુંપળો આવવાની તૈયારી દેખાતી હતી. ગરમાળો પણ ફૂલથી લચી પડવાને હજુવાર હતી. તેની કાળી કાળી શીંગો લટકતી હતી. પાન ઘણાખરાં ખરી પડ્યાં હતા.

સોમવારનો દિવસ તેથી મુલાકાતીઓ માટે પાર્ક બંધ હોય. સાફસફાઇની કામગીરી ચાલતી હતી. હું પાર્કની કચેરીમાંથી બહાર નીકળ્યો અને મારી રાજદૂત મોટર સાયકલને કીક મારી બે ત્રણ કીકો માર્યા પછી સ્ટાર્ટ થઇ. મેં ઘડિયાળ તરફ જોયું હજુ બાર વાગ્યા ન હતા. હરણના પાંજરાઓ તરફ એક આંટો મારી આવવાના વિચાર સાથે ઘરર... કરતી મારી મોટર સાયકલ કાચા રસ્તે ધુળ ઉડાડતી આગળ વધી. ટેકરાનો ઢાળ ઉતરતાં સાબરના પીંજરા પાસે આવતા જોયું તો બે ત્રણ નર સાબર લીમડાના છાંયે ઉભા હતા. દૂર પતરાંના શેડ નીચે માદા સાબર બેઠી હતી. તેની પાસે બે બચ્ચાં પણ ઊભાં હતા. એક સાબર પાણીના હોજમાંથી પાણી પી ને પોતાની તરસ છીપાવતું હતું.

પાંજરાની સામેના ભાગે ઝાડી ઝાંખરા એકદમ શુષ્ક લાગતા હતા. ક્યાંક હોલાનો તો ક્યાંક બીજા કોઇ પક્ષીનો અવાજ આવતો હતો, મારી મોટર સાયકલનો અવાજ સાંભળીને ત્યાં નજીકમાં ઉભેલ નીલ ગાય ભાગીને અંદર જતી રહી. હું મોટર સાયકલ લઇ આગળ વધ્યો. સામે અરડુસાનું મોટું ઝાડ તેની પાસે જ કોઝવે તેમાંથી ખળખળ પાણી વહેતું હતું. શરૂઆતમાં હું આવ્યો ત્યારે મને એ કુદરતી પાણીનાં ઝરણાં જેવું લાગેલું. પાર્કમાં આવતા મુલાકાતીઓને પણ કદાચ એવું જ લાગતું હશે. હું ત્યાં જરાક અટક્યો. મારાથી થોડે જ દૂર બેઠેલે ટીંટોડી ઉઠી... કોઝવેના પાણીમાં પ્રક્ષાલન કરતી મારી મોટર સાયકલ મીરર હાઉસ (અરીસાઘર) ની સામે આવીને ઊભી રહી. અરીસાઘર ઉંચે ટેકરા પર આવેલું છે. સુંદર છષ્ટકોણ મકાન તેની આજુબાજુ મહેંદી અને બારમાસીના છોડવા વાવેલા છે. ચાર પાંચ પગથિયાં ચડીને અંદર જવાય છે. પાર્કની મુલાકાતે આવતા મુલાકાતીઓ અરીસાઘરની મુલાકાત અવશ્ય લે છે. કેમ કે બાળકોને તેમાં બહુ મજા પડે છે. એવું સાંભળવા મળેલું કે કોઇ એ આ અરીસાઓ પાર્કને ભેટમાં આપેલા છે. હવે જુના થઇ ગયા છે. છતાં તેનું આકર્ષણ ઓછું થયું નથી.

અરીસા ઘરની સામે જ એક બેઠા કદનું મકાન આવેલું છે. આજુ બાજુ વાંસ, મહેંદી, કાશીદના અને હરમદાંના છોડ છે. આ જગ્યાએ પહેલાં પાર્કની કચેરી હતી. તેની સાક્ષી પુરતું બોર્ડ હજું પણ અહીં મોજુદ છે. તો સામે બીજું પણ એક બોર્ડ વંચાય છે. તેમાં લખેલું છે કે ઇટ ઇઝ નોટ એ ઝુ આ પ્રાણી સંગ્રહાલય નથી.

આવું લખવાનું શું કારણ હશે તે મને સમજાતું નથી. કારણ કે આમ તો બધાં તેને પ્રકૃતિઉદ્યાન કહે છે પણ શહેરમાં નીકળીએ ત્યારે બધા માર્ગો પર હરણોદ્યાન તરફ જતો માર્ગ દર્શાવતાં બોર્ડ જોવા મળે છે. એ વાંચીને ઘણી વખત એ પ્રશ્ન સતાવે છે કે ખરેખર આ પ્રકૃતિ ઉદ્યાન છે કે હરણોદ્યાન તેમાં વળી આ બોર્ડ દ્વારા એવું સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ પ્રાણી સંગ્રહાલય નથી. જો એવું જ છે તો પછી અહીં પ્રાણીઓ પક્ષીઓનાં પાંજરાઓ શા માટે?

હવે મને જ જો આવો પ્રશ્ન થતો હોય તો અન્ય મુલાકાતીઓને પણ એ થવો જોઇએ. હું અહીં આજુબાજુ જોઉં છું. વૃક્ષોની વસ્તીમાં અને પંખીઓનાં કલરવ વચ્ચે સુરજનો આકરો તાપ મને બેચેન બનાવે છે. પણ ત્યાં સામે જ વહેતું ખળખળ જલ આંખને ટાઢક આપે છે. કુદરતી ઝરણાં જેવું વહેતું આ પાણી ક્યાંથી આવતું હશે. તેના ઉપર એક નાનકડો સુંદર પુલ પણ બનાવેલો છો. લોખંડની પાઇપો અને લાકડાંના પાટીયામાંથી બનાવેલ આ પુલને લીલા-પીળા રંગથી રંગીને એવો આકર્ષક બનાવ્યો છે કે અહીં આવતાં મુલાકાતીઓ ખાસ કરીને પ્રેમી-પંખીડાઓ તો તેના ઉપર રહીને તસ્વીરો ખેંચાવતાં હોય છે. તો બાળકો દોડદોડ કરી આ તરફથી પેલી તરફ જવાની મજા માણતાં ઘણી વખત જોઉં છું. તેમના ચહેરા પરનો આનંદ અનેરો હોય છે. લાકડાંના આ નાનકડાં પુલના છેડા પર નાના નાના પાંદડાવાળું નાનકડું એક ઝાડ છે. તેના પર ચંદનનું ઝાડ એવું લખેલું પણ છે. તેથી ચંદનની સુગંધનો અનુભવ કરવા કેટલાંક મુલાકાતીઓ તેની છાલ ઉઘાડી સુંઘે છે. તેથી આ ચંદન વૃક્ષને બચાવવા તેના થડની ફરતે જાળી બાંધવામાં આવી છે.

મારી મોટર સાયકલ તો અહીં જ થંભી ગઇ છે. પણ હું દૂર દૂર નજર કરું છું. પ્રકૃતિ ઉદ્યાનની આ પરિકલ્પના કરનારને ધન્યવાદ આપું છું.

આમ તો આ કંઇ કુદરતી જંગલ નથી. છતાં અહીનો વાનસ્પતિક વૈભવ અને નૈસર્ગિક માહોલને કારણે જૈવિક વિવિધતા માનવ સર્જીન આ ઉદ્યાનને એક નવો જ આધાર આપે છે. જે તેને કુદરતનું ઘરેણું કહેવા માટે પ્રેરે છે.

દૂર સહેજ ધૂળ ઉડતા દેખાય છે. હું એ તરફ જાઉં છું. ખાખી ગણવેશધારી એ માણસ સાવરણાથી સફાઇ કરી રહ્યો છે. ઉંમર લાયક છે છતાં નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ અદા કરી રહ્યો છે. મને જોઇને તે ઊભો થઇ જાય છે. હું તેને ઓળખી જાઉં છું. એ ગાભાજી છે. આ પાર્કનાં કર્મચારી છે. છેલ્લા ઘણા વર્ષોથી સફાઇ કામદાર તરીકે ફરજ બજાવે છે.

'સાહેબ, કેટલા વાગ્યા?' ધ્રુજતા અવાજે તે પુછે છે. વૃદ્ધત્વને કારણે તેનું શરીર કંપે છે.

'કેમ?' હું પુછું છું પણ જવાબ આપવાને બદલે ફરીથી એ રીતે લાગી જાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)